# ઈમામતની નમાઝ

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, કૌમના ઈમામ એ સઘલાને અલ્લાહને તરફ લઈ જાનાર છે તો તમેં તે સાહબ પાછલ નમાઝને કાઈમ કરો જે તમારા માંથી અફઝલ હોય. મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, આપે ફરમાવું કે ગુલામ યા મુલાઝિમને પાછલ નમાઝ પઢવામાં કોઈ હરજ નથી જે વકત કે એ શખ્સ બીજા હાઝેરીન કરતા શરીઅતને બરાબર જાણતો હોય અને હલાલો હરામને પહેચાનતો હોય. આપે નાબીના આંધલા શખ્સને પાછલ નમાઝ પઢવાની રૂખસત આપેલી છે, જે વકત તેને કોઈ કિબ્લા રૂખ ઉભા કરે અને બીજા નમાઝીઓ કરતા અફઝલ હોય.

મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સ આંગલા ખરવાની બિમારી વાલો હોય યાઅની જોઝામી હોય, કોઢવાલો હોય, પાગલ હોય, ઝિનાની ઔલાદ હોય તો એવો શખ્સ નમાઝ ન પઢાવી શકે. અનપઢ ગામડીઓ શખ્સ મુહાજેરીનને, કૈદી આઝાદ લોગોને, તયમ્મુમ કરનાર વુઝુ કરનારાઓને, ખસ્સી મરદોને, બૈરો મરદોને, મુખન્નસ (હીજડો) મરદોને, ગુંગો બોલનારાઓને, મુસાફીર શહેરીઓને ઈમામતની નમાઝ ન પઢાવી શકે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, કોઈ મુમીન એવી જગા પર હોય જ્યાં દુશ્મનોનો ખૌફ હોય યા પોતાની જાનને ખતરો હોય અને કોઈ નાસિબી ઈમામ - આલે મોહંમદના દુશ્મનો પાછલ તકીયાના સબબ મજબૂરીથી નમાઝ પઢવાની થાય તો એની નમાઝને નમાઝ સમઝવામાં ન આવે અને નમાઝ પઢાવનાર નાસિબી શખ્સને મસ્જિદના થાંભલાઓ મુજબ કોઈ એક થાંભલો માનવામાં આવે અને પોતે મસ્જિદમાં એકલો નમાઝ પઢી રહ્યો છે એમ નમાઝ પઢે. નાસિબી શખ્સ તે છે જે પંજતને પાક (અ.સ.) અને અહલે બૈતે રસૂલ (અ.સ.)ના દરજાને ન સમઝતો હોય, આલે મોહંમદ (સ.અ.વ.વ.) માંથી પહેલા ઈમામ હસન (અ.સ.) અને પછી ઈમામ હુસૈન (અ.સ.) ની ઔલાદમાં ઈમામતને ન માનતો હોય અને મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની ગદીરે ખુમમાં તાજપોશી-કાયમ મકામી નો ઈન્કાર કરતો હોય, કાઅબતુલ્લાહમાં મૌલાના અલી (અ.સ.) ની વિલાદતને કુબૂલ ન કરતો હોય. **આ સાથે મૌલાના અલી (અ.સ.) ની હર ફઝીલત જે આપની હક્કાનીયતનો સુબૂત પેશ કરતી હોય તેને છુપાવતો હોય યા તે ફઝીલતને બીજા જાહિલ લોગોના નામ સાથે જોડતો હોય,** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ગુસ્લ દેનાર અને કબરના ગોશામાં ઉતારનાર મૌલાના અલી (અ.સ.) ને રસૂલ (સ.અ.વ.વ.) બાદ મૌલા માનવા સિવાય તેમના હક્કને હડપ કરનારને રસૂલ બાદ પોતાના ઈમામ માનતો હોય, માઁ ફાતેમા ઝહરા (અ.સ.) ની ફિદકની વિરાસતને છીનનાર અને હ.મોહસિનના હમલને ગિરાવનાર મલઊનનો મુરીદ અને તાઅરીફ કરનાર હોય.

આપ (અ.સ.) એ ફરમાવું કે, "**નાસિબીનો કોઇ અમલ અલ્લાહ કુબૂલ કરતો નથી, એના અમલ દુનિયા પુરતા જ છે જેનો આખેરતમાં કોઇ સવાબ એને મીલશે નહીં.** હમારી વલાયત બગૈર એને અઝાબ સિવાય બીજું કઈ હાસિલ થાશે નહીં. ભલેને એને એની પૂરી ઝિંદગી નમાઝો પઢવામાં ગુઝારી હશે." અલ્લાહના ફઝલો કરમથી જે વકત આઝાદીનો માહૌલ હોય, દુશ્મનોનો યા જાન જાવાનો કોઈ ખતરો ન હોય, પોતાના અકીદા મુજબ ઈબાદત કરવામાં યા નમાઝ પઢવામાં કોઈ ખૌફ ન હોય તો નાસિબી પાછલ હરગિઝ નમાઝ ન પઢવી જોઈએ. અલ્લાહને નઝદીક નાસિબીની કોઈ કરામત નથી.

અપના અઈમ્મતે તાહેરીને આ ફરમાન જારી કીધું તો આજે પણ અપના હુજ્જાજ તે પર અમલ દર આમદ થાય છે. હજ્જમાં નાસિબી ઈમામ હોય છે લેહાઝા તેને પાછલ હુજ્જાજ મુમેનીન તકીયાના તૌર પર નમાઝ તો પઢે છે પણ તેમની એ નમાઝ તતવ્વાની નમાઝ શુમાર કરવામાં આવે છે. મૌલાના અલી (અ.સ.) થી રિવાયત છે કે, બીજાએ (રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની વફાત બાદ) લોગોને ફજરની નમાઝ પઢાવી !! નમાઝ તમામ કીધા બાદ લોગો તરફ મોતવજ્જેહ થઈને કહ્યું કે, "**મેં તમને એ હાલતમાં ફજરની નમાઝ પઢાવી કે હું જનાબતદાર છું.**" લોગો બોલી ઉઠા કે, તો પછી તું એ જે હમારી નમાઝને ઝાયેઅ કીધી તો તેના મોતઅલ્લિક તારી શું રાઈ છે ? બીજો બોલો કે, "ફકત મારા ઉપર નમાઝને વાલવી વાજિબ છે અને તમારા વાસ્તે મારી એ રાઈ છે કે, તમારી નમાઝ દુરૂસ્ત છે." આ સાંભલીને મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, તારા ઉપર તો ખરૂં પણ આ સઘલા નમાઝીઓ ઉપર પણ નમાઝને વાલવી ઝરૂરી છે. યહાઁ આપ મૌલાએ એમ ન કહ્યું કે, હમારા ઉપર વાજિબ છે કેમકે આપ પોતે પણ એ નમાઝમાં શરીક હતા. યાઅની એ હકીકત સાબિત થાય છે કે, આપે પોતાને લોગોથી અલગ કીધા, ઉપર બયાન થયેલા નાસિબી પાછલ નમાઝ ન પઢવાના મસઅલા મુતાબિક આપનો અમલ હતો. ભલેને આપ બઝાહિર લોગો સાથે ઈમામતમાં શરીક થાતા હતા પણ બાતિની તૌર પર આપ એકલા જ નમાઝ પઢતા હતા યા આપના ખાસુલ ખાસ શીઆઓને ઘરમાં પઢાવતા હતા.

આ તરહના મૌકાઓ, અપના દોઆતના ઝમાનમાં અહમદાબાદમાં ગુઝરેલા છે જે વકત અહલે ઝાહિરનો તસલ્લુત, ઝોર અને ઝુલ્મ અહલે બોહરા ઉપર ખૂબ શદીદ-સખ્ત હતો. અપની મસ્જિદોને આંચકી લેવામાં આવી હતી અને એનો તમામ નિઝામ શહેરના નાસિબી ફિરકાના સુબાના હાથમાં હતો જે કોઈ આમ શખ્સને નમાઝ પઢાવવા મસ્જિદોમાં મોકલતો હતો અને અપના મુમેનીનને તેને પાછલ નમાઝ પઢવા વાસ્તે મજબૂર કરવામાં આવતા હતા. આ ખૌફના આલમમાં અપના મુમેનીન પોતાના અકીદાની હિફાઝત વાસ્તે અને એક નાસિબી પાછલ નમાઝ ન પઢવી પડે તે વાસ્તે પોતાના ઘરોમાં જ નમાઝના વકતે અવ્વલમાં નમાઝ પઢી લેતા હતા અને ફકત હાઝિરી બતાવવા મસ્જિદોમાં જાતા હતા.

હમણાનો આલમ એવો છે કે જમાઅતના ચંદ ગુમરાહ, કમફહેમ, બદમિઝાજ, બદગુમાન બદઅકીદાના લોગો અપની મસ્જિદોને તર્ક કરીને નાસિબી લોગોની મસ્જિદોમાં નમાઝ પઢવા જાય છે જે એ લોગોની ઝહેની-અકલી કમ્ઝોરી, મૌલાના અલી (અ.સ.)ની ખિલાફવરઝી અને અપના અકીદા-અપના તરીકાની નમાઝની ખુલ્લમ ખુલ્લા દુશ્મનીનો ઈઝહાર કરે છે. **એ લોગોની નમાઝનો શું હાલ જેમના દિલો નિફાકની કાલેકીથી ભરેલા-રંગાયેલા હોય.** મુમેનીનને આ ઝમાનામાં આગાહ થાવાની ઝરૂરત છે, સાચવીને ચાલવાની ઝરૂરત છે. વહેવાર, દોસ્તી યા સોહબત બધા લોગો સાથે કરો, સમાજમાં રહેવા વાસ્તે કરવું પડે, મગર દીન-અકીદાની દોસ્તી કોઈના સાથે ન કરો. હમણા હર ચીઝમાં મીલાવટ છે, કોઈ પણ ચીઝ વાસ્તે આંધલો વિશ્વાસ મુકવો ખતરાથી ખાલી નથી. લેહાઝા દીન-અકીદામાં મીલાવટ કરનાર પણ આજે ઓછા નથી એટલે જ તો મુમેનીને પોતાની જમાઅતના અકીદાની સેહતને બરકરાર રાખવા વાસ્તે સાથે મીલીને હર વકત તદબીર કરવાની રહેશે. ગૈરની મસ્જિદોમાં જાનારને રોકીને હિદાયત દઈને અપની જમાઅતની ભલાઈ વાસ્તે ઈલ્મી જેહાદનો રસ્તો ઈખ્તિયાર કરવો પડશે. અલ્લાહતઆલા સૈયદના અલી (ક.રૂ.)ના ખૂનના પાકીઝા કતરાઓથી સંવારેલી આ જમાઅતને સૈયદના સાહબની તદબીરથી હંમેશા હિફાઝતમાં રાખે અને મુમેનીનમાં અપની અલવીયતનું નૂર ચમકતું દમકતું રાખે. ★